For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**વ્હીલચેરથી મતદાન મથક સુધી**



**મતદાન મથક પર સન્નાટો**



**પણ**

**ખમણ માટે લાઇન**



**દિવ્યાંગ છતાં બુલેટ પર આવી મતદાન**



## ભારે ગરમી, SIRની નબળી કામગીરી અને નીરસ માહોલ વચ્ચે

# સુરત મહાપાલિકાની ચૂંટણીમાં 59.32 ટકા મતદાન

**ગત** વખતે 47 ટકા મતદાન થયું હતું, આ વખતે 12 ટકા મતદાન વધુ પરંતુ મતદારોની સંખ્યા ઓછી

**મતદાનમાં** કોળી પટેલ સમાજ, પ્રજાપતિ સમાજની નારાજગી જોવા મળી, પરિણામોમાં દેખાશે

**દિવસ** દરમિયાન ઓછું મતદાન થતાં રાજકીય પક્ષોએ કાર્યકરોને દોડાવતા સાંજે લાઈનો થઈ

સુરતઃ SIRની કામગીરીને કારણે મતદારયાદીમાંથી નામ નીકળી ગયાની વ્યાપક ફરિયાદો અને ચોક્કસ વિસ્તારો સિવાયના વિસ્તારોમાં રાજકીય પક્ષોની નિષ્ક્રિયતાની સાથે સાથે ભારે ગરમીને કારણે નીરસ માહોલમાં સુરત મહાપાલિકાની ચૂંટણીનું મતદાન આજે સંપન્ન થયું હતું. મતદાન દરમિયાન માથાકૂટની છૂટીછવાયી ઘટનાઓ બની હતી. સાંજે છ વાગ્યા સુધીમાં સુરતમાં મતદાનનો આંકડો 59.32 ટકા નોંધાયો હતો. જે ગયા વખતે થયેલા આશરે 47 ટકા મતદાન કરતાં લગભગ 12 ટકા વધુ છે.આ વખતે સુધારેલી મતદારયાદીને કારણે મતદાનની ટકાવારી વધે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી હતી પરંતુ SIRની કામગીરીમાં ઉતારવામાં આવેલી વેઠને કારણે મતદાનની ટકાવારી ઘટી જવા પામી હતી. આ વખતે ભૂતકાળની જેમ રાજકીય પક્ષોના ટેબલોથી માંડીને મતદાન કરાવવા માટેનો જુસ્સો જોવા મળ્યો નહોતો. ગરમીને કારણે પણ મતદારો મતદાન કરવા માટે ઓછા નીકળ્યા હતા.

આ વખતે મતદાનમાં પ્રજાપતિ અને કોળી સમાજની નારાજગી જોવા મળી હતી. જ્યારે તમામ રાજકીય પક્ષોના સંગઠનો જાણે સુષુપ્ત અવસ્થામાં મુકાઈ ગયા હોય તેમ ચૂંટણીનો માહોલ પણ જામ્યો નહોતો. અનેક ઠેકાણે મતદાન મથકમાં મોબાઈલ લઈ જવાના મામલે ચકમક ઝરી હતી. રાજકીય પક્ષોને એવું હતું કે સવારના સમયમાં ભારે વોટિંગ થશે પરંતુ સવારે એટલું મતદાન થયું નહોતું.

અનુસંધાન પાના ૫ પર

### શરૂઆતમાં ૭થી 11 કલાકના સમયમાં જ 19.43 ટકા મતદાન નોંધાયું હતું, પરંતુ ગરમીમાં ટકાવારી ઘટી

સુરત મહાનગર પાલિકાની ચૂંટણીમાં મતદાનની શરૂઆત સવારે સાત વાગ્યાથી શાંતિપૂર્ણ રીતે થઈ હતી. શરૂઆતના બે કલાકમાં મતદારોમાં સારો ઉત્સાહ જોવા મળ્યો હતો. સવારે ૭ થી ૯ દરમિયાન કુલ ૬.૮૯ ટકા મતદાન નોંધાયું હતું, જે પ્રારંભિક તબક્કામાં સારો પ્રતિસાદ માનવામાં આવે છે. ત્યારબાદ સવારે ૯ થી

અનુસંધાન પાના ૫ પર

### સમય પ્રમાણે થયેલા મતદાનના આંકડા

- **૭ થી ૯ વાગ્યા:** માત્ર 6.89% મતદાન - શરૂઆતમાં ધીમી ગતિ
- **૯ થી ૧૧ વાગ્યા:** 12.54% વધારો - મતદારો બહાર આવવા લાગ્યા
- **૧૧ થી ૧ વાગ્યા:** માત્ર 4.78% - બપોરના તાપમાનનો અસર
- **૧ થી 3 વાગ્યા:** ભારે ઉછાળો સાથે 19.31% - દિવસનો સૌથી સક્રિય સમય
- **3 થી ૫ વાગ્યા:** 8.36% - ગતિ સ્થિર રહી
- **૫ થી ૬ વાગ્યા:** અંતિમ કલાકમાં 7.44% - અંતિમ ક્ષણે મતદારો ઉમટ્યા

### ક્યા વોર્ડમાં સૌથી વધુ અને ક્યા વોર્ડમાં સૌથી ઓછું મતદાન નોંધાયું

**સૌથી વધુ મતદાન**
વોર્ડ-૧૯ (આંજણા-ડુંભાલ)
**73.23%**

**સૌથી ઓછું મતદાન**
વોર્ડ-૧૦ (અડાજણ-પાલ-ઇચ્છાપોર)
**51.36%**

| વોર્ડ નં | વોર્ડનું નામ | પુરુષ મતદાર | સ્ત્રી મતદાર | કુલ મતદાર | પુરુષ મતદાન | સ્ત્રી મતદાન | કુલ મતદાન | કુલ % |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | જહાંગીરપુરા-વરિયાવ-કોસાડ | 51,547 | 45,980 | 97,527 | 28,949 | 22,902 | 51,851 | 53.16 |
| 2 | અમરોલી-મોટાવરાછા-કઠોર | 82,127 | 73,378 | 1,55,505 | 45,169 | 33,428 | 78,597 | 50.54 |
| 3 | વરાછા-સરસાણા-લસકાણા | 72,956 | 64,242 | 1,37,198 | 40,805 | 28,523 | 69,328 | 50.53 |
| 4 | કાપોદ્રા | 31,365 | 27,147 | 58,512 | 16,948 | 11,991 | 28,939 | 49.45 |
| 5 | ફુલપાડા-અશ્વિનીકુમાર | 31,014 | 27,452 | 58,466 | 18,905 | 13,989 | 32,894 | 56.26 |
| 6 | કતારગામ | 40,900 | 37,805 | 78,705 | 25,066 | 20,156 | 45,222 | 57.45 |
| 7 | કતારગામ-વેડ | 45,200 | 40,045 | 85,245 | 25,937 | 18,895 | 44,832 | 52.59 |
| 8 | ડભોલી-સિંગણપોર | 50,181 | 45,045 | 95,226 | 30,015 | 23,588 | 53,603 | 56.29 |
| 9 | રાંદેર-જહાંગીરાબાદ-પાલનપુર | 51,424 | 49,382 | 1,00,806 | 28,798 | 25,164 | 53,962 | 53.53 |
| 10 | અડાજણ-પાલ-ઈચ્છાપોર | 54,090 | 52,644 | 1,06,734 | 26,532 | 22,899 | 49,431 | 46.31 |
| 11 | અડાજણ-ગોરાટ | 41,560 | 40,599 | 82,159 | 22,361 | 19,037 | 41,398 | 50.38 |
| 12 | નાણાવટ-સૈયદપુરા-મહિધરપુરા | 43,276 | 40,669 | 83,945 | 26,724 | 21,761 | 48,485 | 57.75 |
| 13 | વાડીફળિયા-બેગમપુરા-સલાબતપુરા | 48,473 | 46,803 | 95,276 | 30,683 | 26,203 | 56,886 | 59.70 |
| 14 | ઉમરવાડા-માતાવાડી | 32,336 | 28,192 | 60,528 | 17,829 | 13,621 | 31,450 | 51.95 |
| 15 | કરંજ-મગોબ | 26,760 | 22,164 | 48,924 | 13,898 | 8,863 | 22,761 | 46.52 |
| 16 | પુણા (પશ્ચિમ) | 32,108 | 27,094 | 59,202 | 15,765 | 10,064 | 25,829 | 43.62 |
| 17 | પુણા (પૂર્વ) | 48,765 | 41,316 | 90,081 | 27,905 | 18,198 | 46,103 | 51.17 |
| 18 | લિંબાયત-પરવત-કુંભારિયા | 36,924 | 32,479 | 69,403 | 23,102 | 17,947 | 41,049 | 59.14 |
| 19 | આંજણા-ડુંભાલ | 39,044 | 35,811 | 74,855 | 26,362 | 22,552 | 48,914 | 65.34 |
| 20 | ખટોદરા-મજુરા-સગરામપુરા | 43,435 | 41,668 | 85,103 | 24,072 | 20,122 | 44,194 | 51.93 |
| 21 | સોનીફળિયા-નાનપુરા-પીપલોદ | 48,078 | 47,669 | 95,747 | 24,360 | 21,301 | 45,661 | 47.68 |
| 22 | ભટાર-વેસુ-ડુમસ | 56,232 | 53,749 | 1,09,981 | 26,950 | 23,056 | 50,006 | 45.46 |
| 23 | બમરોલી-ઉધના (ઉત્તર) | 29,138 | 24,209 | 53,347 | 16,009 | 11,508 | 27,517 | 51.58 |
| 24 | ઉધના (દક્ષિણ) | 34,549 | 30,484 | 65,033 | 20,909 | 16,656 | 37,565 | 57.76 |
| 25 | લિંબાયત-ઉધના યાર્ડ | 32,545 | 28,443 | 60,988 | 20,940 | 17,191 | 38,131 | 62.52 |
| 26 | ગોડાદરા-ડિંડોલી (ઉત્તર) | 38,508 | 31,653 | 70,161 | 21,774 | 16,024 | 37,798 | 53.87 |
| 27 | ડિંડોલી (દક્ષિણ) | 43,256 | 36,490 | 79,746 | 22,379 | 16,631 | 39,010 | 48.91 |
| 28 | પાંડેસરા-ભેસ્તાન | 36,208 | 31,240 | 67,448 | 22,133 | 17,496 | 39,629 | 58.75 |
| 29 | અલથાણ-બમરોલી-વડોદ | 34,622 | 28,513 | 63,135 | 18,685 | 13,656 | 32,341 | 51.22 |
| 30 | કનસાડ-સચિન-ઉન-આભવા | 46,301 | 41,091 | 87,392 | 28,733 | 23,474 | 52,207 | 59.73 |

## આ કેવું? , નેતાઓને છૂટ અને લોકો માટે મતદાન મથકમાં મોબાઈલ પર પ્રતિબંધ

**સરકાર** ડિજિલોકર વાપરવાનું કહે પણ મોબાઈલ પર પ્રતિબંધ સાથે તંત્ર સુપર સરકાર

**મોબાઈલમાં** આઈડી લઈને આવેલા અનેક મતદારોએ પરત જવું પડ્યું



સુરતઃ આજે મતદાન મથકો પર મોબાઈલ ફોન અને ઈલેક્ટ્રોનિક ઉપકરણો લઈ જવાના નિયમોએ વિવાદ છેડ્યો છે. ૧૦૦ મીટરના દાયરામાં મોબાઈલ પર પ્રતિબંધના અમલીકરણમાં જોવા મળતી અસમાનતાને કારણે સામાન્ય મતદારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. મોબાઈલ નહીં લઈ જવા દેવાના ચૂંટણી પંચના તઘલખી નિયમને કારણે અનેક મતદારો મતદાનથી વંચિત રહેવા પામ્યા હતા. એક તરફ ખુદ સરકાર જ ડિજિલોકર વાપરવા માટે કહે છે અને બીજી તરફ મતદાન મથકમાં મોબાઈલ પર પ્રતિબંધને કારણે અનેક મતદારો મોબાઈલમાં પોતાના આઈડી બતાવીને મતદાન કરી શક્યા નહોતા. ઉપરથી રાજકીય નેતાઓ દ્વારા મતદાન મથકમાં મોબાઈલ લઈ જઈને ફોટાઓ પાડીને સોશિયલ મીડિયામાં મુકવામાં આવતાં લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો.

શહેરમાં સવારથી જ મોટા ગજાના રાજકીય નેતાઓ મતદાન મથકો પર કેમેરાના ફ્લેશ અને મોબાઈલ સાથે પ્રવેશતા જોવા મળ્યા હતા. અનેક નેતાઓએ મથકની અંદર જ મોબાઈલ સાથે ફોટો સેશન કરાવી

અનુસંધાન પાના ૫ પર

## સરેરાશ દર પાંચ સેકન્ડે એક ફરિયાદ નોંધાઈ

સુરતઃ સુરત શહેરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી દરમિયાન મતદારોની સમસ્યાઓનો ઢગલો જોવા મળ્યો છે. સવારે ૭ વાગ્યાથી શરૂ થયેલા મતદાન સાથે જ ૧૯૫૦ હેલ્પલાઇન નંબર પર ફરિયાદોની સતત આવક શરૂ થઈ ગઈ હતી. બપોર સુધીમાં જ ૨૫૦૦થી વધુ ફરિયાદો નોંધાઈ જતાં ચૂંટણી તંત્ર માટે આ સ્થિતિ પડકારજનક બની છે.

પ્રાપ્ત માહિતી મુજબ, સરેરાશ દર પાંચ સેકન્ડે એક ફરિયાદ હેલ્પલાઇન પર નોંધાઈ રહી હતી, જે મતદારોમાં રહેલી ગૂંચવણ અને અસંતોષ દર્શાવે છે. ખાસ કરીને બે પ્રકારની ફરિયાદો સૌથી વધુ પ્રમાણમાં સામે આવી હતી. પ્રથમ, ઘણા મતદારો પોતાના મતદાન કેન્દ્ર (પોલિંગ બૂથ) અંગે અજાણ હતા અને માહિતી મેળવવા માટે હેલ્પલાઇનનો સહારો લઈ રહ્યા

અનુસંધાન પાના ૫ પર

## SIRના ધાંધિયા! પરિવારના સભ્યોમાં જ અલગ બુથ, અનેક પરિવારોના બુથો પણ બદલાઈ ગયા

**SIRમાં** સુરતમાં 8 લાખથી વધુ મતદારોનાં નામો કમી થઈ ગયા હોવાથી તમામ વોર્ડમાં મતદારોનો આક્રોશ

**વર્ષોથી** મતદાન કરતાં અનેક મતદારોનાં વોટિંગ કાર્ડ હતાં પરંતુ મતદાર યાદીમાં નામ જ નહોતાં

સુરતઃ સુરત મહાપાલિકાની ચૂંટણીમાં આજે લાખો લોકોએ મતદાનથી વંચિત રહેવું પડ્યું હતું. SIRની કામગીરીમાં તંત્ર દ્વારા ઉતારાયેલી વેઠને કારણે આજે મતદાન દરમિયાન એવું થયું હતું કે, હજારો મતદારોના નામો કમી થયેલા જોવા મળ્યા હતાં. SIRને કારણે સુરત મહાપાલિકાના ગત વખતના 32 લાખથી વધુ મતદારોમાંથી આશરે 8 લાખ જેટલા મતદારોના નામો કમી થઈ ગયા હતા. તેમાં પણ સૌથી વધુ મતદારો ચોર્યાસી વિધાનસભામાં આશરે 1.95 લાખ જેટલા જોવા મળ્યા હતા. આજ રીતે ઉધનામાં 36.6 ટકા, વરાછા રોડ બેઠકમાં 34.11 ટકા અને લિંબાયત બેઠકમાં 33.73 ટકા મતદારો ઘટી ગયા હતા. આ મતદારોના નામો કમી થઈ જવાને કારણે આજે અનેક મતદારોએ ભોગવવાનું આવ્યું હતું. અનેક મતદારો વોટિંગ કાર્ડ હોવા છતાં પણ મતદાન કરી શક્યા

અનુસંધાન પાના ૫ પર

### SIRમાં ક્ષતિની ધારાસભ્ય વિનુ મોરડિયા દ્વારા કબુલાત

સુરતઃ મતદાનની ગરમાગરમી અને ધોમધકતાં તાપ વચ્ચે આજે ભાજપના ધારાસભ્ય અને માજી મંત્રી વિનોદ મોરડિયાએ કહ્યું હતું કે ગરમીની અસર મતદાન પર ચોક્કસ છે ગરમીનો પારો

અનુસંધાન પાના ૫ પર

## 2021 કરતાં આ વખતે ટકાવારી વધી પરંતુ મતદાન ઘટ્યું

**2021માં** મતદાનની ટકાવારી 47.14 નોંધાઈ હતી અને 32.88 લાખમાંથી 15.50 લાખ મતદારોનું મતદાન થયું હતું

**આ** વખતે ટકાવારી વધીને 59.32 નોંધાઈ પરંતુ 24.76 લાખમાંથી માત્ર 14.69 લાખ મતદારોનું જ મતદાન થયું

સુરત : સુરત મહાપાલિકાની ચૂંટણીમાં આ વખતે ગત વખત કરતાં મતદાનની ટકાવારી 12 ટકા વધી પરંતુ મતદાનની સંખ્યા ઘટી જવા

અનુસંધાન પાના ૫ પર

### કેવી રીતે ઓછું મતદાન ગણાય ?

- 2021માં 32.88 લાખ મતદારોમાંથી 15.50 લાખે મતદાન કર્યું હતું
- 2026માં 24.76 લાખ મતદારોમાંથી અંદાજે 14.68 લાખ મતદાન કરાયું
- 2021માં મતદાનની ટકાવારી 47.14 હતી જ્યારે 2026માં ટકાવારી 59.32 ટકા થઈ
- આ કારણે ગણતરી જોતાં 8.11 લાખ મતદારો ઘટ્યા બાદ 63% મતદાન થાય તો જ તે 2021 સમકક્ષ ગણાય
- 30માંથી 23 વોર્ડમાં 50%થી વધુ મતદાન


આઠમી પૂણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ



તમે હતા તો ઘર ખરેખર ઘર હતું માં, એક મીઠું આંગળે સરોવર હતું માં, ધોમ ધકતા તાપ સામે ઢાલ જેવું, એક માથે વાદળ ઝરમર હતું માં, સાવ ખાલીખમ હતું પણ, તમે હતા તો ખોરડું પગભર હતું માં, યાતના વચ્ચે મલકતું ને હરખતું, મુખડું તમારું મનહર હતું માં, મહીના ગયા, વર્ષો ગયા મન હજી માનતું નથી કે તમારું બસ હોવાપણું જ સરભર હતું માં, પ્રભુ આપની દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. ધર્મિષ્ઠાબેન બળવંતભાઈ ગોહિલ
સ્વ. તા. ૨૭/૦૪/૨૦૧૮

લિ.
સ્વ. બળવંતભાઈ ચિમનભાઈ ગોહિલ
મયંક બળવંતભાઈ ગોહિલ — રોશની મયંકભાઈ ગોહીલ
હાર્દિક બળવંતભાઈ ગોહિલ — ઉર્વશી હાર્દિકભાઈ ગોહિલ
માહિર મયંકભાઈ ગોહિલ (માધુ)
મમતા સાડી/ મમતા ટેલર

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

દશમી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ.પરેશભાઈ બાબુભાઈ પટેલ
સ્વ.તા.૨૭/૦૪/૨૦૧૬

નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ ।
ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃ ॥
આ આત્માને શસ્ત્રો છેદી નથી શકતા, અગ્નિ બાળી નથી શકતો, પાણી ઓગાળી નથી શકતુ અને વાયુ સુકવી નથી શકતો.
"આત્મા અજર, અમર, અવીનાશી છે"

લિ.
બાબુભાઈ દિયાળભાઈ પટેલ (કીંગ)
રમીલાબેન બાબુભાઈ પટેલ
રાજુ, શીતલ, દિપીકા,
હર્ષ, પ્રાચી, હર્ષિલ, શ્રીના, ક્રિશીલ

પંદરમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. પદમાબેન ભોગીલાલ લવંગવાલા
સ્વ.તા.૧૪/૦૫/૨૦૧૧ (વૈશાખ સુદ અગિયારસ)

નથી હયાત તમે પણ સાથે હોય એવું લાગ્યા કરે છે.
હરપળ હાજરીનો આભાસ લાગ્યા કરે છે.
ક્યારેક કહેવાયેલ વાતોના ભણકારા વાગ્યા કરે છે,
યાદોમાં તમારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. ભોગીલાલ કૃષ્ણારામ લવંગવાલા
નરેશ ભોગીલાલ લવંગવાલા — ઉર્વશીબેન નરેશભાઈ લવંગવાલા
ધર્મેશ ભોગીલાલ લવંગવાલા — રાખીબેન ધર્મેશભાઈ લવંગવાલા
કર્મેશ નરેશ લવંગવાલા — ઉન્નતિબેન કર્મેશ લવંગવાલા
યશ ધર્મેશ લવંગવાલા — મનુશ્રી કર્મેશ લવંગવાલા
ધર્મેશ સિલ્ક મિલ્સ પ્રા. લી.
હિમા પ્રોસેસર્સ, સચીન (બાપા સીતારામ)
તથા સમસ્ત લવંગવાલા પરિવારના
બાપા સીતારામ જય શ્રી કૃષ્ણ જય માતાજી